### EDII-ભાટ ખાતે નેશનલ સ્ટાર્ટ અપ ડે નિમિત્તે વાર્ષિક સ્ટાર્ટ અપ સમિટનું ઉદઘાટન

# ગુજરાત 'સ્ટાર્ટ અપ' ક્ષેત્રે વિશ્વના સ્ટાર્ટ અપ ઈનોવેટર્સની પ્રથમ પસંદગી બનશે: સંઘવી

**• 80,000થી વધુ સ્ટાર્ટ અપ્સ નોંધાયા અને 100થી વધુ યુનિકોર્ન તૈયાર થયા**

**નવગુજરાત સમય** > ગાંધીનગર

ઉદ્યોગ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ રાષ્ટ્રીય સ્ટાર્ટ અપ સમિટનું ઉદઘાટન કરતા જણાવ્યું હતું કે સ્ટાર્ટ અપ્સ માટે સાનુકૂળ ઈકો સિસ્ટમનું નિર્માણ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આગામી દિવસોમાં ગુજરાત 'સ્ટાર્ટ અપ' ક્ષેત્રે વિશ્વના સ્ટાર્ટ અપ ઇનોવેટર્સની પ્રથમ પસંદગી બનશે.

ઈડીઆઈઆઈ-ભાટ ખાતે નેશનલ સ્ટાર્ટ અપ દિવસ નિમિત્તે વાર્ષિક સ્ટાર્ટ અપ સમિટ-૨૦૨૩ એમ્પ્રેસેરિયોનું ઉદઘાટન કરાયું હતું. કાર્યક્રમમાં સંબોધન કરતા મંત્રી સંઘવીએ જણાવ્યું હતું કે

રાજ્ય સરકારની સચોટ નીતિ, મજબૂત વ્યવસ્થાપન અને ખાનગી ક્ષેત્રની ગતિશીલ ભાગીદારીને પરિણામે આજે ગુજરાત દેશના સૌથી પ્રગતિશીલ સ્ટાર્ટ અપ સ્થળોમાં એક છે. 'સ્ટેન્ડ અપ ઈન્ડિયા' અને 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા' યોજનાઓ વર્ષ ૨૦૧૬માં શરૂ કરાઇ ત્યારથી આજ સુધીમાં ૮૦,૦૦૦થી વધુ સ્ટાર્ટ અપ્સ નોંધાયા છે. તો ૧૦૦થી વધુ યુનિકોર્ન તૈયાર થયા છે. આ સ્ટાર્ટ અપમાં ૪૮ ટકાથી વધુ મહિલાઓ જોડાયેલી છે તે ગૌરવપૂર્ણ બાબત છે.



અન્ય રાજ્યના સ્ટાર્ટ અપ કેન્દ્રોનું ગુજરાતના સ્ટાર્ટ અપ કેન્દ્રો સાથે જોડાણ કરી આંતરરાજ્ય પ્રાદેશિક સ્ટાર્ટ અપ કેન્દ્રો તૈયાર કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા સ્ટાર્ટઅપની સમસ્યાઓનું સફળતાપૂર્વક સમાધાન પણ કરવામાં આવ્યું છે.

ઈ.ડી આ ઈ આ ઈ ના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, ઈડીઆઈઆઈની સ્ટાર્ટઅપ સમિટ ભારતમાં સૌથી વધુ વિશિષ્ટ આંતરપ્રિન્યોરિયલ ફેસ્ટિવલ્સ પૈકીની એક છે. વર્ષ ૨૦૧૨માં એની શરૂઆત થયા પછી અત્યાર સુધી એમ્પ્રેસેરિયોમાં ૧,૦૦૦થી વધારે સ્ટાર્ટઅપની ભાગીદારી જોવા મળી છે. ઈડીઆઈઆઈનું ટેકનોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર-સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઈઝીસે અત્યાર સુધી ૧૦૬ સ્ટાર્ટ અપનું ઈન્ક્યુબેશન કર્યું છે. ઈડીઆઈઆઈ હવે અટલ ઈનોવેશન મિશન અંતર્ગત વધુ એક ઈન્ક્યુબેશન સેન્ટર મેળવશે. ઈડીઆઈઆઈએ દેશમાં ઉદ્યોગ સાહસો અને સ્ટાર્ટ અપ્સની સંખ્યા વધારવા કેટલાંક કોર્પોરેટ સાથે સીએસઆર પ્રોજેક્ટનું પણ જોડાણ કર્યું છે. ફિક્કીના સહ-અધ્યક્ષ રાજીવ ગાંધીએ વર્તમાન અને ભવિષ્યના સ્ટાર્ટ અપ્સ માટે સંસ્થાને માનવીય સંસાધન નીતિ અને સારું કમ્યુનિકેશન સ્થાપિત કરવાની સલાહ આપી હતી.

બે દિવસીય સમિટમાં સફળ ઉદ્યોગ સાહસિકો દ્વારા માસ્ટર ક્લાસ અને સફળ સ્ટાર્ટ અપ સ્થાપકો દ્વારા વર્કશોપનું આયોજન કરીને માર્ગદર્શન પણ અપાશે.